આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૭ ૮ મે, ૨૦૧૩, બુધવાર; ચૈત્ર વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માણસ જેમ વધારે સંસ્કૃત અને શિસ્તબદ્ધ તેમ વધારે દુઃખી
- ચેખોવ

# કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની જાહેરાતના સંકેત

## આજે યોજાનાર મંત્રીમંડળની બેઠકમાં કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના વધારા અંગે નિર્ણય લેવાવાની સંભાવના

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકાર આજે તેના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અંગે મહત્વનો નિર્ણય લઈ કર્મચારીઓના દિલ જીતશે તેમ સચિવાલયના વિશ્વસનીય સૂત્રોએ સંકેત આપ્યો છે.

કેન્દ્ર સરકારે જાહેર કરેલ ૮ ટકા ડી.એ. વધારવાના કરેલા નિર્ણયને પગલે રાજ્ય સરકાર પણ આજે કર્મચારીઓને આ ભથ્થાની ચડત રકમ આપવાનો નિર્ણય મંત્રીમંડળની બેઠકમાં લે તેવી શક્યતાઓ છે.

આ નિર્ણયને કારણે સરકાર પર રૂ. ૭૦૦ કરોડનો આર્થિક બોજ આવે તેમ છે અને તે રોકડમાં જ ચુકવવાનો નિર્ણય લે તેવી શક્યતાઓ છે. સરકારે આજ સુધી મોંઘવારી ભથ્થાના હપ્તાની રકમ રોકડમાં જ ચુકવી છે.

કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને આઠ ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્ણય આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા તેના કર્મચારીઓને આઠ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવામાં આવ્યું છે. કેન્દ્રના ધોરણે જ રાજ્યના કર્મચારીઓને પણ રાજ્ય સરકાર દ્વારા આ લાભ આપવામાં આવતો હોય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગ દ્વારા રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે આઠ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવા અંગેની એક દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે જેમાં આઠ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવાથી રાજ્ય સરકાર ઉપર કેટલુ આર્થિક ભારણ આવશે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નાણા વિભાગે આ દરખાસ્ત તૈયાર કરીને રાજ્ય સરકારની મંજુરી અર્થે મોકલી આપવામાં આવી છે. આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં રાજ્યના કર્મચારીઓને આઠ ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવાની નાણા વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલી દરખાસ્ત પર ચર્ચા વિચારણા કરીને મોંઘવારી ભથ્થુ રોકડામાં આપવું કે કર્મચારીઓના જી.પી.એફ.માં જમા કરાવવું એ અંગેનો નિર્ણય લઈને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની પેટા ચૂંટણીઓ જાહેર થતાં પાંચ જિલ્લામાં ચૂંટણી આચારસંહિતા અમલી હોઈ આઠ ટકા મોંઘવારી ભથ્થાનો લાભ કર્મચારીઓને આપવા અંગેના નિર્ણય જાહેર કરતાં પહેલા આ અંગે ચૂંટણી પંચની મંજુરી મેળવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# જિલ્લામાં ખેડૂતોની સંખ્યામાં આઠ હજારનો વધારો થયો !!

## નાના અને સિમાંત ખેડૂતોની સંખ્યા વધી સિમાંત ખેડૂતો ૫૦ ટકા : સૌથી વધુ ગાંધીનગરમાં વધ્યા : કલોલમાં ખેડૂતો ઘટ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૮ હજાર જેટલો વધારો થવા પામ્યો છે. જેમાં સૌથી મોટો વધારો ગાંધીનગર તાલુકામાં થયો છે. જ્યારે કલોલ તાલુકામાં ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે.

પાંચમી એગ્રીકલ્ચર સેન્સસના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં આ હકીકત બહાર આવવા પામી છે. જોકે જિલ્લામાં જમીનમાં વધારો થયો નથી પણ ખેડૂત અને ખેડૂત ખાતેદારોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં અગાઉ ૧,૦૦,૨,૮૨ ખેડૂત અને ખેડૂત ખાતેદારો હતા આ સંખ્યા વધીને ૧,૦૮,૬૫૧ જેટલી થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

### ક્યા તાલુકામાં કેટલા ખેડૂતો

| નં. | ગાંધીનગર | દહેગામ | કલોલ | માણસા | કુલ |
|---|---|---|---|---|---|
| ૦.થી ૧.૦ હે.જમીન | ૧૬૨૮૨ | ૧૧૨૫૮ | ૧૩૬૬૯ | ૧૩૭૭૧ | ૫૪૯૮૦ |
| ૧.૦ થી ૨. હે.જમીન | ૮૮૦૭ | ૭૯૫૪ | ૬૦૩૧ | ૬૩૬૯ | ૨૯૧૬૧ |
| ૨.૦ થી ઉપર જમીન | ૭૪૦૭ | ૭૯૮૯ | ૫૪૦૭ | ૩૭૦૭ | ૨૪૫૧૦ |
| | ૩૨૪૯૬ | ૨૭૨૦૧ | ૨૫૧૦૭ | ૨૩૮૪૭ | ૧૦૮૬૫૧ |



(તસવીર : દિપક જાની)

પાની રે પાની - ઉનાળાના તાપ તેનો પ્રકોપ દેખાડી રહ્યો છે. ૪૦ થી ૪૩ ડિગ્રી તાપમાન ચડઉતર થઈ રહ્યું છે ત્યારે શરીરમાં પાણી માગે છે... શ્રમજીવી પરિવારનું આ બાળક પાણી પીવા માટલાને નમાવે છે ત્યારે એવું થાય છે કે, આપણે ઠંડક મેળવવા જેટલું પાણી ઘર આગળ છાંટીએ છીએ એટલું પાણી તો આ શ્રમજીવીના આખા પરિવારની આખા દિવસની જરૂરિયાત પુરી થઈ શકે એમ છે.. તો જાગ્યા ત્યાંથી સવાર.. ચાલો પાણી બચાવીએ....



ગરમીના દિવસોમાં અખાદ્ય બરફના ગોળા અને કુલ્ફી સામે રાજ્યભરમાં આરોગ્ય તંત્રએ લાલ આંખ કરી છે. નગરો અને મહાનગરોની સ્થાનિક સ્વરાજ સંસ્થાનું આરોગ્ય તંત્ર વ્યાપકપણે ત્રાટક્યું હતું. સંખ્યાબંધ સ્થળોએથી અખાદ્ય બરફ, બરફના ગોળાની લારીઓ અને કેન્ડીની લારીઓ જપ્ત કરી હતી.

# હવે તાલુકા કક્ષાએ ડેટા સેન્ટરો બનશે

## ભારત સરકારે રાજ્યના આ પ્રોજેક્ટ માટે અંદાજે રૂ. ૫૪ કરોડની સહાય પણ મંજૂર કરી

ગાંધીનગર, તા. ૭

તાલુકા કક્ષાએથી આંકડાકીય હકીકતો ઝડપથી ઉપલબ્ધ બને તે માટે દરેક તાલુકા મથકો પર હવે ડેટા સેન્ટરોનું નિર્માણ કરવામાં આવશે.

સ્ટેટ સ્ટ્રેટેજીક સ્ટેટેસ્ટીક્સ પ્રોજેક્ટ અંતર્ગત આ ડેટા સેન્ટરોના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારે રજુ કરેલા પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર સરકારે પ્રથમ તબક્કામાં જ રૂ. ૫૪ કરોડની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે પણ આ પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે તાલુકા કક્ષાએ એક ખાસ સમિતિ બનાવી દીધી હોવાનું જાણવા મળેલ છે. આ ડેટા સેન્ટરોમાં જિલ્લાની તમામ અદ્યતન વિગતો ઉપલબ્ધ બનશે જેના કારણે વ્યુહાત્મક વિકાસના અભિગમને એક નવો વેગ મળશે.

મળતી વિગતો પ્રમાણે ભારત સરકારની સહાયથી અમલી બનનાર આ ડેટા સેન્ટર પ્રોજેક્ટમાં હાલ જેમાં ઓન લાઈન સેવાઓ ઉપલબ્ધ છે અને બીજી કઈ સેવાઓ ઉપલબ્ધ બનાવી શકાય એમ છે તે અંગે તાલુકા સમિતિ અભ્યાસ કરી અને પોતાનો અહેવાલ રાજ્ય સરકારને આપશે.

રાજ્ય સરકારે જિલ્લાઓમાં થયેલા વિકાસ અંગે તાજેતરમાં એક અભ્યાસ કરાવ્યો હતો. જેમાં રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં હાલ ઉપલબ્ધ સેવાઓ, ખૂટતી કડીઓ વિગેરે અંગેની હકીકતો ઉપલબ્ધ છે. હવે વિકાસના કામો વ્યુહાત્મક રીતે હાથ ધરી સંતુલિત વિકાસની દિશામાં આગળ વધી શકાય તે માટે આ ડેટા સેન્ટરો કડીરૂપ ભૂમિકા ભજવશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય સરકાર રાજ્યના સંતુલિત વિકાસને પ્રાધાન્ય આપી રહી છે અને સરકારની કલ્યાણ યોજનાઓનો વ્યાપ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે પહેલાં અભ્યાસ કરાવ્યા બાદ હવે વ્યુહાત્મક વિકાસ માટે આ ડેટા સેન્ટરો બનશે.

# રેકર્ડ વર્ગીકરણ અને બાકી નોંધોના નિકાલ માટે અભિયાન હાથ ધરવા તાકીદ

ગાંધીનગર, તા. ૭

જિલ્લા તંત્રમાં બાકી રહેલી નોંધો તેમજ તુમારોના ઝડપી નિકાલની સાથે સાથે રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ એક માસમાં પૂર્ણ થાય તે જોવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર શ્રી ડૉ. મોડિયાએ તાજેતરમાં નાયબ મામલતદારોની યોજેલી એક મહત્વની બેઠકમાં આ અંગે કડક તાકીદ કરી તંત્રને વધુ પ્રજાભિમુખ બનવા સૂચનાઓ આપી હતી.

ડૉ. મોડિયાએ આ બેઠકમાં જિલ્લામાં ૫ હજાર થી વધુ નોંધો અને ૩૫૦થી વધુ તકરારી કેસોના નિકાલને અગ્રતા આપવા જણાવી ૬ માસ જુની નોંધોના ઝડપી નિકાલ માટે સૂચવ્યું હતું.

તેમણે આ બેઠકમાં ઈ.ધરા કેન્દ્રમાં પણ કાચી નોંધ એ જ દિવસે પડે અને નોંધ પડાવવા આવનાર લાભાર્થી જો ત્યાં રોકાય તો તેને સાંજ સુધીમાં કાચો નોંધ નંબર મળે તે પણ જોવા જણાવ્યું હતું. આ માટે તંત્રને વધારાની બે જગ્યાઓ મંજૂર કરી આપવાની હૈયાધારણ પણ તેમણે આપી હતી.

તુમાર નિકાલ તેમજ રેકર્ડ વર્ગીકરણ માટે પણ કડક તાકીદ કરતાં જણાવ્યું હતું કે તાલુકા કક્ષાએ ૨૫ હજારથી પણ વધુ ફાઈલોનું હજુ વર્ગીકરણ થયુ નથી તે દુઃખદ છે. તેમણે આ માટે એક અભિયાનરૂપમાં કામગીરી કરી એક માસમાં જ વર્ગીકરણ કરી રેકર્ડ અદ્યતન કરવા પર ખાસ ભાર મુક્યો હતો.

તેમણે જિલ્લામાં મહેસુલી બાકી વસુલાત પણ જે ઘણી પડત છે તેમાં વેગ લાવવા જણાવ્યું હતું. આ ઉપરાંત રેવન્યુ રીકવરી સર્ટિફિકેશનની કામગીરીમાં પણ ગતિ લાવવા માટે તાકીદ કરી તાલુકાઓને આ માટે લક્ષ્યાંકો આપ્યા હતા.

## બેસણું



અમારા ભાઈ **શ્રી હિતેનભાઈ સોમાભાઈ બારોટનું**
દુઃખદ અવસાન તારીખ : ૭-૫-૨૦૧૩ ના રોજ થયેલ છે.
સદ્દગતનું બેસણું **તારીખ : ૯-૫-૨૦૧૩ ને ગુરૂવારે**,
સવારે ૮ થી ૧૧ દરમિયાન ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ,
ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

લિ.
રજનીભાઈ, યશવંતભાઈ, દિલીપભાઈ
**સ્વ. સોમાભાઈ બાપાલાલ બારોટ** (નિવૃત્ત રેલ્વે ગાર્ડ) **પરિવાર**
સુવાસ હિતેનભાઈ બારોટ

**ઈન્ફોસિટી પરિવાર**

તા. ક. : જાહેરાતને પત્ર મળ્યા તુલ્ય ગણવા વિનંતી.
સુંવાળા તારીખ : ૧૩-૫-૨૦૧૩

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાતનું
અસરકારક માધ્યમ
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

